# ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ

## કલોલમાં ૯, દિયોદરમાં ૮ ઇંચથી વધુ વરસાદ : જનજીવન ખોરવાયું : વડોદરા, સુરત સહિત રાજયભરમાં સાર્વત્રિક વરસાદ

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ સહિત રાજયભરમાં આજે મેઘરાજાએ સાર્વત્રિક વરસાદ વરસાવ્યો હતો. આજે રાજયમાં સૌથી વધુ વરસાદ ગાંધીનગરના કલોલમાં નવ ઇંચ સુરેન્દ્રનગરના હવળદમાં દસ ઇંચ તો, બનાસકાંઠાના દિયોદરમાં આઠ ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. આજે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વલસાડ સહિત સૌરાષ્ટ્ર પંથક અને કચ્છના વિસ્તારોમાં આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. બીજીબાજુ, ચોટીલા-મોરબી, સુરેન્દ્રનગર સહિતના પંથકોમાં જળબંબાકારની દયનીય સ્થિતિ સામે આવી છે. ઠેર-ઠેર તબાહી અને તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. રાજયના ૩૪ જિલ્લાઓમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. તો

ચોટીલા,મોરબી, માળિયા મીયાણાં સહિતના પંથકોમાં આજે ૫૦થી વધુ રેસ્કયુ ઓપરેશનો હાથ ધરાયા હતા. સેંકડો લોકોને બચાવાયા હતા તો, આજે પણ હજારો લોકોનું સ્થળાંતર કરાયું હતું. અમદાવાદ જિલ્લાના નવથી વધુ તાલુકામાં આજે ભારે વરસાદ નોંધાતાં ઠેર-ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા. અમદાવાદના સાણંદ, બાવળા, ધંધુકા, દસ્ક્રોઇ સહિતના તાલુકાઓમાં ચારથી પાંચ ઇંચ જેટલો ભારે વરસાદ વરસ્યો હતો. ગઇકાલે ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં તો જાણે આભ ફાટયું હતું. ચોટીલામાં ગઇકાલે ૧૬ ઇંચથી વધુ વરસાદ સાથે આભ ફાટવા સાથે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે મેઘરાજાનું રૌદ્રસ્વરૂપ જોવા મળ્યું હતુ, જેના કારણે ઠેર-ઠેર સર્વત્ર જળપ્રલય સર્જાયો હતો. સેંકડો લોકો ફસાયા હતા, જેઓને કલાકોની ભારે જહેમત બાદ બચાવી લેવાયા હતા, તો દસ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ, સહિતની બચાવ ટીમો સતત કાર્યરત રહી હતી તો, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં તો, એરફોર્સની મદદ લઇ હેલિકોપ્ટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા. રાજયમાં આજે સૌથી વધુ રેસ્કયુ ઓપરેશન સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, ચોટીલા, સુરેન્દ્રનગર, લીંબડી, માળીયામીયાંણા, મચ્છુ આસપાસના ગામો સહિતના વિસ્તારોમાં હાથ ધરાયા હતા. આજે રાજયમાં ગાંધીનગરના કલોલમાં નવ ઇંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. રોડ-રસ્તાઓ અને ખેતરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. તો, બનાસકાંઠાના દિયોદરમાં પણ આઠ ઇંચથી વધુ વરસાદ ખાબકતાં સમગ્ર પંથકમાં પાણી જ પાણી જોવા મળતું હતું. પંથકના તમામ નદી-નાળાઓ

છલકાયા હતા. જિલ્લાના ભાભર, અમીરગઢ સહિતના પંથકોમાં પણ ભારે વરસાદ પડયો હતો. તો આજે ખેડા જિલ્લામાં પણ મેઘરાજાએ જોરદાર જમાવટ કરી હતી. ખેડા જિલ્લાના મહુધામાં પાંચ ઇંચથી વધુ, નડિયાદમાં ૪.૫ ઇંચ, મહેમદાવાદ પાંચ ઇંચ, ઠાસરામાં ચાર ઇંચથી વધુ સહિતનો ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે આ પંથકોમાં નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. સુરેન્દ્રનગના હળવદ અને તેની આસપાસના પંથકોમાં દસ ઇંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર થઇ ગયું હતું. તો પાટણ જિલ્લામાં પણ વરસાદી હેલી વરસી હતી. પાટણના સાંતલપુરમાં છ ઇંચ, રાધનપુરમાં સાત ઇંચ સહિત પંથકના અન્ય ભાગોમાં પણ ત્રણથી પાંચ ઇંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો હતો. સાંતલપુરનું કમાલપુરા ગામ તો બેટમાં ફેરવાયું હતું. મહેસાણા જિલ્લાના માત્ર અડધાકલાકમાં જ વિસનગર અને બહુચરાજીમાં બેથી ત્રણ ઇંચ સુધીનો વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર બની ગયુ હતું. આજે વડોદરામાં ચાર થી પાંચ ઇંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં વડોદરા શહેર અને જિલ્લાના પંથકોમાં ઠેર-ઠેર પાણી ભરાઇ ગયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતું.

### ક્યા કેટલો વરસાદ

| તાલુકો | મીમી | | ઇડર | ૫૬ |
|---|---|---|---|---|
| વડગામ | ૧૦૯ | | વિજયનગર | ૫૪ |
| અમીરગઢ | ૧૦૫ | | સિદ્ધપુર | ૫૨ |
| ધાનેરા | ૧૦૪ | | ડીસા | ૫૨ |
| દાંતીવાડા | ૮૨ | | ઊંઝા | ૫૧ |
| પાલનપુર | ૭૫ | | ખેડબ્રહ્મા | ૪૮ |
| દિયોદર | ૬૭ | | વડાલી | ૪૭ |
| સતલાસણા | ૬૭ | | હિંમતનગર | ૪૬ |
| પોશીના | ૬૭ | | ખેરાલુ | ૪૫ |
| લાખાણી | ૬૩ | | માણસા | ૪૫ |

## લેકાવાડા-શ્રી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચિલોડા-ડભોડા વિભાગનો રમતોત્સવ યોજાયો

ચિલોડા, તા.૨૩

ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળ દ્વારા તા. ૨૧મી

જુલાઈના રોજ અન્ડર-૧૯ શાળાકીય કબડ્ડી, ખો-ખો, વોલીબોલની વિવિધ સ્પર્ધા શ્રી ઓમકાર ઈન્ટરનેશન સ્કૂલ-લેકાવાડા ખાતે રમતોત્સવ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ અને શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરાએ રમતોત્સવને સફળ બનાવવા પ્રેરણા પુરી પાડી હતી. અતિથિવિશેષ પદે ઈસનપુર મોટા ગામના એમ.બી. પટેલ હોસ્પિટલના કન્વીનર રામચંદ્રભાઈ જી. પટેલે પ્રાસંગિક પ્રવચન દ્વારા રમતગમતનું જીવનમાં આગવું સ્થાન હોવાથી રમતવીરોને ખેલદિલીપૂર્વક રમતમાં ભાગ લેતા ગૌરવપૂર્ણ ખેલાડીઓને બિરદાવ્યા હતા. સાથોસાથ આ પ્રસંગે તેઓએ પોતાના પિતાશ્રી ગાંડાભાઈ નરસિંહભાઈ પટેલના નામે રૂ. ૧૦૦૦૦નું માતબર દાન વ્યાયામ મંડળને આપવાની જાહેરાત કરી હતી. વ્યાયામ મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી, મંત્રી દિપકભાઈ શુકલએ ખેલાડીઓને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. વિશેષમાં જિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી જશુભાઈ ચૌધરીએ ખેલાડીઓને બિરદાવ્યા હતા. વ્યાયામ મંડળની રમત સ્પર્ધાને સફળ બનાવવા શાળાના આચાર્ય કિસ્મતભાઈ પટેલ તથા સમગ્ર સ્ટાફે હાજર રહી સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પી.જે. પટેલે કર્યું હતું.

## રાજયભરના રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટસ માટે તાલીમ કોર્સ યોજાયો

**સે-૨૩માં કે.બી. ફાર્મસી કોલેજ તથા સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા આયોજન કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ દ્વારા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના સંયુકત ઉપકમે તા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ બે દિવસીય રિફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં રાજયભરમાંથી ૧૯૭ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટે ભાગ લીધો હતો.

રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટે યોજાયેલા રિફ્રેશર કોર્સમાં દવાઓ બનાવવાથી માંડીને દવાઓની આડઅસર, જરૂર પ્રમાણે ઉપયોગ, લેબલીંગ, પેકેજીંગ, સ્ટોરેજ, ડોકયુમેન્ટેશન અને રેકોર્ડ કિપીંગ વગેરેની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોર્સમાં પ્રિસ્ક્રીપ્શન હેન્ડલીંગ, પેશન્ટ કાઉન્સિલીંગ, ડ્રગ ડિસ્પેન્સિંગ ટેકનિકસ, ડ્રગ-ડ્રગ ઈન્ટરેકશન સહિત ડિઝીટલાઈઝેશન ઈન ફાર્મસી જેવા અગત્યના પાસાઓને પણ આ તાલીમમાં આવરી લેવામાં આવ્યા હતા. કોર્સની તાલીમ નિષ્ણાત તજજ્ઞો

દ્વારા આપવામાં આવી હતી. આ તાલીમમાં ગાંધીનગર જીએમઈઆરએસના તબીબો તથા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અને ફાર્મસી કોલેજના પ્રાધ્યાપકોએ પણ તાલીમાર્થીઓને ઊંડાણપૂર્વકની સમજુતિ પુરી પાડી હતી.

## સાદી ચબરખી પર લખાતા જનરિક દવાના પ્રિસ્ક્રિપ્શન ગરીબ દર્દીઓ માટે નુકસાનકારક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં સહયોગ મંડળ સહિતની કેટલિક સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ બહારથી સારવાર માટે આવતા ગરીબ-જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાની સેવા પુરી પાડે છે. આ સેવાઓમાં ઉઘાડાપગા દર્દીઓને ઉનાળામાં પગરખાં પુરા પાડવાથી માંડીને ગરીબ દર્દીઓને ડૉક્ટર્સે લખી આપેલ દવાઓ સંસ્થાના પૈસે ખરીદી આપવા સહિતની સેવાઓને સમાવેશ થાય છે. જો કે સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા ગરીબ દર્દીઓને જનરિક દવા સસ્તા ભાવે ઉપલબ્ધ હોવાથી લખી આપવામાં આવે છે પરંતુ આ પ્રિસ્ક્રિપ્શન હોસ્પિટલના છાપેલા પ્રિસ્ક્રિપ્શન પેપરને બદલે સાદી ચરબરખી પર લખીને આપવામાં આવતુ હોવાથી સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓને પણ દર્દીની આર્થિક મદદ કરવામાં મુસ્કેલી પડી રહી છે.

સ્વૈચ્છિક સંસ્થાઓને વર્ષાન્તે હિસાબો ઓડિટ કરાવવાના હોઈ તે સમયે જે દર્દીને દવા ખરીદવા આર્થિક મદદ પુરી પાડી હોય તે દવાના પ્રિસ્ક્રિપ્શન પણ રજૂ કરવાના હોય છે. હવે તબીબો દ્વારા સાદી ચબરખી પર લખેલા પ્રિસ્ક્રિપ્શન ઓથોરાઈઝ્ડ હોવાનુ સાબિત થતુ ના હોવાથી તે માન્ય ગણતા નથી જેના કારણે સંસ્થાઓને દર્દીની મદદ કરવામાં મુશ્કેલી પડે છે. જે સરવાળે ભોગ ગરીબ દર્દી બને છે. વળી, સિવિલ હોસ્પિટલમાં વ્હીલચેરની સગવડ હોવા છતાં અશક્ત દર્દીઓને સિવિલ સ્ટાફ દ્વારા તે માટે મદદરૂપ બનવામાં ઉદાસિનતા દાખવવામાં આવતી

**સ્વૈચ્છિક સંસ્થાઓને ગરીબ દર્દીની આર્થિક મદદ કરવા માટે છાપેલા પ્રિસ્ક્રિપ્શન હોવા જરૂરી : સિવિલ હોસ્પિટલમાં વ્હીલચેરનો દુરૂપયોગ થતો હોવાની ફરિયાદો**

હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી રહી છે. કેટલીક વાર તો હોસ્પિટલની ફાઈલો, એકાઉન્ટસના ચોપડા વગેરે લાવવા લઈ જવા સ્ટાફ દ્વારા વ્હીલચેરનો ઉપયોગ કરાતો દેખાય છે. પરંતુ દર્દીઓને તેની સેવા આપવામાં ઉદાસિનતા દાખવાય છે. સિવિલ હોસ્પિટલમાં વયોવૃદ્ધ દર્દીઓ, અશક્ત દર્દીઓ તથા સિવિલમાં દાખલ દર્દીઓને તાત્કાલિક સેવા મળી રહે તે માટે અલગ લાઈન કે બારીની વ્યવસ્થા કરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ગુજરાતમાં સૌપ્રથમ રોબોટિક્સ જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજીનો પ્રારંભ

પારેખ્સ હોસ્પિટલના ડોક્ટરોએ ગુજરાતની પહેલી રોબોટિક્સ જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજીનો પ્રારંભ કર્યો છે. જે આજે ઘૂંટણીની રિપ્લેસમેન્ટ સર્જરી ડોમેન્સને ઉત્કૃષ્ટ ભવિષ્યવાદી યુગમાં રૂપાંતરિત કરવા તેમજ વેગ આપવા માટે તૈયાર છે. યુનાઈટેડ સ્ટેટસની સમકક્ષ લઈ જઈને યુનાઈટેડ સ્ટેટસ બાદ ભારત બીજા એવો દેશ છે જ્યાં આ ટેકનોલોજીને સફળતાપૂર્વક શરૂ કરાઈ છે. જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીમાં નવીનતમ રોબોટિક હસ્તક્ષેપ, સર્જનને સૌથી વધુ જટિલ પ્રક્રિયા દરમિયાન વધારે ચોકસાઈ, નિપુણતા અને નિયંત્રણ સાથે કામ કરવા માટે સક્ષમ કરે છે અને ઓછામાં ઓછા હાડકાને દૂર કરીને, કુદરતી શરીર રચનાને જાળવી રાખે છે તેમ જ દર્દી માટે વધુ સારા પોસ્ટ ઓપરેટિવ પરિણામોની સુવિધા આપે છે (જેમાં સમાવિષ્ટ છે વધુ સારી રીતે પીડામુક્ત હલન ચલન તેમજ સામાન્ય અને સક્રિય જીવનશૈલી પર પાછા ફરવા માટે ઝડપી પુન-સ્થાપન)

રોબિટિક્સ-આસિસ્ટેડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી દર્દીને તાત્કાલિક રીકવરી, બીજા દિવસે ડિસ્ચાર્જ અને ન્યૂનતમ લોહીનું નુકશાન તેમજ ખૂબ જ નાના ચીરા જેવા ફાયદા આપે છે. દર્દીઓ માટે તે અત્યંત સંતોષકારક છે કારણ કે તે સાંધાના તમામ કુદરતી માળખાં સાચવે છે.

## નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમનો ૧૦મો પદવીદાન સમારોહ યોજાયો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લોકશાહીની ચોથી જાગીર-ચોથા આધારસ્તંભસમા મીડિયા-પત્રકારિતામાં પદાર્પણ કરતાં નવ યુવાનોને રાષ્ટ્રહિત-સમાજહિત-લોકહિત મધ્યનજર રાખીને સત્યનિષ્ઠ- મૂલ્યનિષ્ઠ પત્રકારિતા દાયિત્વ નિભાવવાનું પ્રેરક આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આજના ૨૧મી સદીના મીડિયા-કોમ્યુનિકેશનના યુગમાં વ્યક્તિગત કારકિર્દી સાથે રાષ્ટ્રહિતને કેન્દ્રસ્થાને પણ રાખવું તે સમયની માંગ છે.

આજે એ.એમ.એ. ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના ૧૦મા પદવીદાન સમારોહમાં મુખ્યમંત્રીએ સંબોધન કરતાં જણાવ્યું કે, આજે પ્રિન્ટ, ઈલેકટ્રોનિક તથા ડિજીટલ મીડિયાના યુગમાં અનેક નવા અખબારો, ચેનલો આવી રહી છે ત્યારે પત્રકારત્વના ક્ષેત્રમાં આવતા વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથેની સમજ સાથે આવે તે જરૂરી છે.

બુલેટ કરતાં બેલેટમાં વધુ શક્તિ છે પરંતુ આ શક્તિના સ્ત્રોત એવા નાગરિકોને જાગૃત અને સજાગ કરવાની જવાબદારી માધ્યમો નિભાવે તે આજની નિતાંત આવશ્યકતા છે.

લોકોને સાચી વાત, વાજબી તર્કબધ્ધ વાતથી અવગત કરવાની જવાબદારી માધ્યમોની છે ત્યારે આ માધ્યમોના પાયારૂપ પત્રકારોને તૈયાર કરવાની જવાબદારી જર્નાલિઝમનો અભ્યાસ કરાવતી સંસ્થાઓ લોકશાહીના શ્રેષ્ઠ પ્રહરીઓ તૈયાર કરે તે જરૂરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વિન્સ્ટન્ટ ચર્ચિલના કથન લોકશાહી ખરાબ છે, પરંતુ લોકશાહીથી બીજી એકેય વ્યવસ્થા સારી નથીને ટાંકતા તેમણે કહ્યું કે, જ્યારે જગતમાં લોકશાહી સર્વશ્રેષ્ઠ છે ત્યારે લોકશાહીના તમામ અંગો સુમેળથી કાર્ય કરે તો જ તે મજબૂત રીતે આગળ વધી શકે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

સવર્ણો વચ્ચેના ભેદભાવને જીવતા રાખ્યા છે. એમાં પાછું વસ્તીગણતરીમાં કાસ્ટ કે જ્ઞાતિ નોંધવાનું પુનઃ શરૂ કરાતાં સમાજોને મુખ્ય ધારામાં લાવવાને બદલે વિભાજિત કરાઈ રહ્યા હોય એવું વધુ લાગે છે. ઓછામાં પૂરું આ જ્ઞાતિ આધારિત વસ્તીના પ્રમાણ મુજબ અનામત પ્રથાની ટકાવારી કરવા માટેના નવા સંઘર્ષનું ઉમેરણ પણ સમાજમાં થયું છે. વળી જે ધર્મો પોતાને ત્યાં જ્ઞાતિપ્રથા નહીં હોવાનો દાવો કરાતાહતા ત્યાં એ અનામત પ્રથાના કારણે ફરી જીવતી થઈ છે. કથિત સવર્ણોમાંથી ધર્મપરિવર્તન કરીને મુસ્લિમ થનારા કે ખ્રિસ્તી થનારાઓ દલિત કે આદિવાસીમાંથી મુસ્લિમ કે ખ્રિસ્તી થનારાઓની સાથે લગ્નસંબંધો બાંધવામાં આજે પણ સંકોચ અનુભવે છે. ભારતીય બંધારણ આદિવાસી પ્રજામાં ધર્મપરિવર્તન કરાય તો પણ એના અનામત પ્રથાના અધિકાર ચાલુ રાખે છે, એ પણ સમાજમાં નવો વિદ્વેષ ઊભો કરનાર પરિબળ છે.

ભારતની સર્વોચ્ચ અદાલતના ઈન્દ્રા સાહની કેસમાંના ૧૯૯૩ના ચુકાદા અનુસાર, સરકારી નોકરીઓ કે શિક્ષણમાં પ્રવેશ માટે અનામત પ્રથાની કુલ ટકાવારી ૫૦ ટકાથી વધુ ના હોવી જોઈએ. જોકે, આ ચુકાદાની સામે તમિળનાડુનાં એ વેળાનાં મુખ્યપ્રધાન જયલલિતા સર્વપક્ષી પ્રતિનિધિમંડળ લઈને દિલ્હી ગયાં અને પી. વી. નરસિંહ રાવની કૉંગ્રેસ સરકારમાંના સમાજકલ્યાણ પ્રધાન સીતારામ કેસરીએ સંસદમાં બંધારણીય સુધારો રજૂ કરીને તમિળનાડુમાં ૬૯ ટકાની અનામતને બહાલ રખાવી હતી. આજકાલ વિવિધ રાજ્યોમાં તથાકથિત સવર્ણો પર અનામત પ્રથાનો લાભ ખાટવા માટે આંદોલનો-રેલીઓ કરી રહ્યા છે, તો કેટલાંક અનામત જૂથો અનામતની અન્ય શ્રેણીમાં સમાવેશ કરાવવા માટે જંગે ચડી રહ્યાં છે. જે અનામત પ્રથા આઝાદીનાં થોડાંક જ વર્ષોમાં, આદર્શ સમાજવ્યવસ્થા સ્થપાતાં, નાબૂદ થવાની હતી, એ દર દસ વર્ષે સંસદમાં વધુ દસ વર્ષ માટે જીવતદાન મેળવવાના વિધેયકને મંજૂર કરાતાં કાયમી બનવાની સ્થિતિમાં છે. બિહાર વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં સંઘ પરિવારના અનામતવિરોધી મનાતા નિવેદને ભાજપને માટે હારવાના સંજોગો સર્જ્યા, ત્યાર પછી તો સંઘ-ભાજપના નેતાઓ અને મિત્રપક્ષોના અગ્રણી છાસવારે વર્તમાન અનામત વ્યવસ્થાને કોઈપણ સંજોગોમાં ચાલુ રાખવાની ખાતરી આપવા ઉપરાંત તથાકથિત સવર્ણોમાંના આર્થિક રીતે પછાત વર્ગના લોકોને માટે વધુ ૨૫ ટકા અનામતનો લાભ આપવાની ઘોષણાઓ કર્યા કરે છે.

વડા પ્રધાન મોદીના સમાજકલ્યાણ રાજ્યપ્રધાન રામદાસ આઠવલે તો છાસવારે જાહેરાતો કરે છે કે સવર્ણોમાંના આર્થિક રીતે નબળા લોકો માટે ૨૫ ટકા અનામત દાખલ કરાશે. એ માટે બંધારણ સુધારો કરાશે. અગાઉ બહુજન સમાજ પાર્ટીનાં સુપ્રીમો માયાવતી ઉત્તર પ્રદેશનાં મુખ્યપ્રધાન હતાં ત્યારે તેમણે પણ સવર્ણો માટે અનામતની તરફેણ કરી હતી. આટલું ઓછું હોય તેમ અનામત પ્રથાનો લાભ ગરીબ લોકોને મળવાને બદલે વર્ષે ૧૫ લાખ રૂપિયાની આવક ધરાવતા ઓબીસી શ્રેણીના લોકોને પણ મળે એવી વ્યવસ્થા છે. અન્ય કેટલાક વર્ગોમાં તો આવકની મર્યાદા જ કાઢી નાખવામાં આવી છે. હમણાં હમણાં યુ.કે.માં પણ જ્ઞાતિપ્રથાને પુનર્જીવિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, એ સામે ત્યાંના 'ગુજરાત સમાચાર'ના અધિપતિ સી. બી. પટેલે યોગ્ય જ લાલબત્તી ધરી છે. ભારતમાં જ્ઞાતિપ્રથાને સમાપ્ત કરવાનો આદર્શ સાકાર થયો નથી અને જ્ઞાતિ-જ્ઞાતિ, ધર્મ-ધર્મ, પ્રદેશ-પ્રદેશ વચ્ચેના વિખવાદ નવા સ્વરૂપે ભડકી રહ્યા છે. ત્યારે નીતિ નિર્ધારકો અને રાજનેતાઓ થકી ગહન ચિંતન કરીને કાયમી ઈલાજ કરવાની જરૂર છે.

: haridesai@gmail.com

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

કાયદાથી સુરક્ષીત પ્લાન સુપ્રિમ કોર્ટને આપવો જ રહ્યો પરંતુ સરકાર કાયદો ઘડીને નાગરિકોની માહિતીનું રક્ષણ કરવાની કોઈ જ જવાબદારી હાલમાં સ્વીકારવા તૈયાર નથી સરકાર પક્ષે તો બસ માહિતી લીંકઅપ કરવાના પ્લાનને સફળ બનાવવાના જ પ્રયાસમાં લાગી ગયેલ છે.

સરકાર પક્ષે રક્ષણ આપવાની ગાઈડલાઈનનો અમલ કરવા શું નિતિ અમલમાં મુકશે તે સુપ્રિમ કોર્ટમાં આગામી સમયમાં રજુ થશે ત્યારબાદ આખરી ચુકાદો સુપ્રિમ કોર્ટ આપશે જેનો અમલ કરવો સરકાર તથા નાગરિકો બન્નેની ફરજ અને ફરજીયાત અમલ કરવો એ ભારતીય નાગરિકની ફરજ છે પરંતુ કાયદાથી રક્ષીત કરવાની જવાબદારી સરકારની છે રાઈટ ટુ પ્રાયવસીનો એકટથી હાલમાં નાગરિક સલામત નથી તેને બંધારણીય મૂળભૂત અધિકાર ગણવો કે કેમ? તે આગામી સમયમાં નક્કિ કરશે. નાઝ ફાઉન્ડેશન નવા કાયદા, નિયમો બાબતે સરકાર સામે હંમેશા લડી નાગરિકોના અધિકારનું રક્ષણ કરે છે.

### સ્પષ્ટ ઉલ્લેખ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહમદ પટેલ અને રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રત્યે આદર સાથે આભારની લાગણી વ્યક્ત કરી છે.

આ રાજીનામાના પત્રમાં તેમણે વિધાનસભાના જંગ માટે રાહુલજી તેમજ અહમદ પટેલ સાથે થયેલી વાતોનો ઉલ્લેખ કરી જણાવ્યુ છે કે તે અંગે કોઈ જ ઉકેલ ના આવતાં તેમણે આખરે પક્ષ છોડવાનો નિર્ણય લીધો છે. ધારાસભ્ય પદેથી પણ તેઓ આગામી દિવસોમાં રાજીનામુ આપી દેશે તેમ પણ પત્રમાં જણાવ્યું છે.

વાઘેલાએ રાજીનામાનો લખેલો વિસ્તૃત પત્ર આજે પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની છવાયેલો રહ્યો હતો.

### વિપક્ષના નેતા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરનારાઓ સામે શિસ્તભંગના પગલાં અંગેનો સ્પષ્ટ સંકેત પણ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ થાય નહિ તે માટે જવાબદારીઓ પણ સોંપવામાં આવશે. બુધવારે અથવા ગુરૂવારે સવારે કોંગ્રેસ દ્વારા રાજ્યસભાના ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. શુક્રવારે એ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

રાજ્યસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ વિપક્ષના નવા નેતાની વરણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ કોંગ્રેસના સૂત્રોએ સ્વીકાર્યું છે.

### સવા ઈંચ વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને વરસાદ બંધ રહેતા વસાહતીઓ બજારોમાં ખરીદી કરતા નજરે પડતા હતા. વરસાદ ઓછો થયો છે. પરંતુ ઉઘાડ નીકળ્યો નથી. ઉઘાડ ન નીકળતા ગૃહિણીઓ હજુ કપડાં સુકવવા બાબતે કકળાટ કરતી જોવા મળે છે. ગઈ કાલે પડેલા વરસાદ બાદ માર્ગો પર ભરાયેલા પાણી તો ઓસરી ગયા છે પરંતુ ખાનગી પ્લોટમાં હજુ પાણી ભરાયેલા રહ્યા છે. વરસાદી માહોલને આજે વસાહતીઓએ મન ભરીને માણ્યો હતો. ઘણાં વસાહતીઓ લોંગ ડ્રાઈવ પર નીકળ્યા હતા અને મકાઈ ડોડાની અને દાળવડા-ભજીયાની જયાફત ઉડાવી હતી.

વરસાદના આંકડાઓ પર નજર કરીએ તો ગઈ કાલે રાત્રે ૨૩ મીમી અને દિવસ દરમિયાન ૮ મીમી મળીને છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૧ મીમી વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૪૫૪ મીમી સુધી પહોંચ્યો છે.

### પવિત્ર શ્રાવણ માસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે પણ શિવભક્તોની ભીડ જામશે. જયારે નગરના સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર , સે-૧૬ સોમનાથ મહાદેવ ,સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર સે-૬ ચંદ્રમોલેશ્વર મંદિર સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં શિવભક્તો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત ગાંધીનગર નજીક પણ પૌરાણિક શિવમંદિરોમાં દર્શનનુ વિશેષ મહત્વ હોવાથી ભાવિકોની ભીડ જામશે. વાસણિયા મહાદેવ મંદિર , ધોળેશ્વર મહાદેવ, કોટેશ્વર મંદિર ઉત્કંટેશ્વર મહાદેવ સહીતના ધાર્મિક સ્થાનોએ વિશેષ પુજા વિધિ યોજાશે. વિવિધ શિવમંદિરોમાં શિવજીની વિશેષ પુજા અર્ચનાના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. વાવોલ રામધામમાં પણ રામકથાનો પારંભ થશે. શ્રાવણ માસ દરમિયાન રામધામમાં વિવિધ પ્રકારના કલાત્મક હીંડોળા દર્શનનો લાભ પણ ભાવિકો મળશે. શ્રાવણ માસનો પ્રારંભ જ સોમવારથી થતો હોવાથી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે.